**ફાઇલ નં. એફસી-૧૧/૬૧/૨૦૨૧-એફસી**
**ભારત સરકાર**
**પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય**
**(વન સંરક્ષણ વિભાગ)**

ઈન્દિરા પર્યાવરણ ભવન,
અલીગંજ, જોરબાગ રોડ,
નવી દિલ્હી- ૧૧0003
તારીખ: ૦૮ મી ઓક્ટોબર, ૨૦૨૧

પ્રતિ

1. અધિક મુખ્ય સચિવશ્રી(વન)/અગ્ર સચિવશ્રી (વન), તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો
2. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો
3. પ્રાદેશિક અધિકારીશ્રીઓ, તમામ સંકલિત ક્ષેત્રિય કાર્યાલય, પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય
4. સંબંધિત તમામ

**વિષય : વન (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૦ માં સૂચિત સુધારા અંગે ટિપ્પણીઓ/સૂચનો આમંત્રિત કરવા સમય મર્યાદા વધારવા બાબત.**

**શ્રીમાન / શ્રીમતી,**

આ મંત્રાલયના તા.૦૨.૧૦.૨૦૨૧ ના સમાનાંકી પત્રના સંદર્ભ બાબતે સમય મર્યાદા વધારાવા બાબત આજ્ઞાનુસાર જણાવવાનું કે, કેન્દ્ર સરકાર દ્વારા વન (સંરક્ષણ) અધિનયમ, ૧૯૮૦ માં સૂચિત સુધારાઓ બાબતે ૧૫ દિવસની સમય મર્યાદામાં ટિપ્પણીઓ આમંત્રીત કરવામાં આવેલ છે. (મંત્રાલયની વેબ સાઇટ www.parivesh.nic.in ઉપર અપલોડ કરવામાં આવેલ છે.)

આ બાબતે જણાવવાનું કે, જુદા-જુદા ક્ષેત્રોથી પ્રાપ્ત સૂચનોના આધારે આ નિર્ણય લેવામાં આવેલ છે કે, ટિપ્પણીઓ મેળવવાની સમય મર્યાદા વધુ ૧૫ દિવસ માટે (તા.૦૧.૧૧.૨૦૨૧ સુધી) વધારાવામાં આવે છે.

એટલે તમામ સંબંધિતોને વિનંતી કે તેઓ મંત્રાલયની વેબ સાઇટ www.parivesh.nic.in/www.moef.nic.in ઉપર અપલોડ કરવામાં આવેલ પરામર્શી પત્ર ઉપર પોતાની ટિપ્પણીઓ / સૂચનો તા.૦૧.૧૧.૨૦૨૧ સુધી અથવા તે પહેલાં ઇ-મેઇલ દ્વારા fca.amendment@gov.in ઉપર મોકલી આપવો. આમ, તા.૦૨.૧૦.૨૦૨૧ ના સામાનાંકી પત્રમાં ઉપરોક્ત સમય મર્યાદા સુધીનો સુધારો કરવામાં આવે છે.

આ પત્ર મંત્રાલયમાં સક્ષમ સત્તાની મંજુરીથી જારી કરવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ

તમારો વિશ્વાસુ,
એસડી/-
(સંદીપ શર્મા)
મદદનીશ ઇન્સ્પેક્ટર જનરલ ઓફ ફોરેસ્ટ્સ

નકલ :

1. નિયામક (તકનીકી), એન.આઇ.સી. ને મંત્રાલયની વેબ સાઇટ ઉપર પત્ર અપલોડ કરવાની વિનંતી સહ.

**ફાઇલ નં. એફસી-૧૧/૬૧/૨૦૨૧-એફસી**
**ભારત સરકાર**
**પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય**
**(વન સંરક્ષણ વિભાગ)**

ઈન્દિરા પર્યાવરણ ભવન,
અલીગંજ, જોરબાગ રોડ,
નવી દિલ્હી- ૧૧૦003
તારીખ: ૦૨ મી ઓક્ટોબર, ૨૦૨૧

પ્રતિ

1. અધિક મુખ્ય સચિવશ્રી(વન)/અગ્ર સચિવશ્રી (વન), તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો
2. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો
3. પ્રાદેશિક અધિકારીશ્રીઓ, તમામ સંકલિત ક્ષેત્રિય કાર્યાલય, પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય
4. સંબંધિત તમામ

**વિષય : વન (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૦ માં સૂચિત સુધારાઓ અંગે ટિપ્પણીઓ/સૂચનો આમંત્રિત કરવા બાબત.**

**શ્રીમાન / શ્રીમતી,**

આજ્ઞાનુસાર જણાવવાનું કે કેન્દ્ર સરકાર દ્વારા વન (સંરક્ષણ) અધિનયમ, ૧૯૮૦ ની જોગવાઈઓને કાર્યસાધક બનાવવા માટે અમુક સુધારાઓ પ્રસ્તાવિત છે. ૪૦ વર્ષના સમયગાળામાં દેશમાં ઇકોલોજીકલ /સામાજીક અને પર્યાવરણીય બાબતોમાં નોંધપાત્ર બદલાવ થયેલ છે. આ સમયગાળામાં ઉપરોક્ત અધિનિયમની જોગવાઇઓ માટે જરૂરી નિયમો અને માર્ગદર્શિકાઓ માટે સુધારાઓ લાવીને દેશની ઇકલોજીકલ અને આર્થિક જરૂરીયાતોમાં થઇ રહેલ ગતિશીલ પરિવર્તનોને ધ્યાને રાખી સુસંગત બનાવવા પ્રયત્નો કરવામાં આવેલ તેમ છતાં આજની પરિસ્થિતિને ધ્યાને લઇ, ખાસ કરીને સંરક્ષણ અને વિકાસના ત્વરિત સંકલન માટે અધિનિયમમાં વધારાના સુધારાઓ કરવાનું જરૂરી બની ગયેલ છે. વન (સંરક્ષણ) અધિનયમ, ૧૯૮૦ માં સૂચિત સુધારાઓ માટેના એક જાહેર પરામર્શ દસ્તાવેજ આ સાથે સામેલ છે અને તે મંત્રાલયની વેબ સાઇટ ઉપર અપ-લોડ કરવામાં આવેલ છે. જે www.parivesh.nic.in ઉપર ઉપલબ્ધ છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકારો, કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટીતંત્ર અને તમામ સંબંધિતોને વન (સંરક્ષણ) અધિનિયમ, 1980 માં સૂચિત સુધારાઓ અંગેની ટિપ્પણીઓ/સૂચનો આ પત્ર જારી કરવાની તારીખ થી ૧૫ દિવસના સમયગાળામાં રજુ કરવા વિનંતી છે. આપની ટિપ્પણીઓ/સૂચનો fca.amendment@gov.in પર ઇ-મેઇલ દ્વારા મોકલી શકાશે.

આ પત્ર મંત્રાલયમાં સક્ષમ સત્તાની મંજુરીથી જારી કરવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ

તમારો વિશ્વાસુ,
એસડી/-
(સંદીપ શર્મા)
મદદનીશ ઇન્સ્પેક્ટર જનરલ ઓફ ફોરેસ્ટ્સ

નકલ :

1. નિયામક (તકનીકી), એન.આઇ.સી. ને મંત્રાલયની વેબ સાઇટ ઉપર પત્ર અપલોડ કરવાની વિનંતી સહ.

# વન (સંરક્ષણ) અધિનિયમ,૧૯૮૦ માં

# સૂચિત સુધારાઓ બાબતે

# પરામર્શી દસ્તાવેજ (કન્સલ્ટેશન પેપર)

પર્યાવરણ,  વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય

ભારત સરકાર

ઇન્દિરા પર્યાવરણ ભવન,

જોરબાગ રોડ,નવી દિલ્હી

ઓક્ટોબર, ૨૦૨૧

**<u>ક. પૃષ્ઠ ભુમિ</u>**

૧. વન (સંરક્ષણ) અધિનિયમ (હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખિત) તારીખ ૨૫ મી ઓક્ટોબર, ૧૯૮૦ ના રોજથી લાગુ કરવામાં આવેલ હતો. અધિનિયમની પ્રસ્તાવનામાં જણાવવામાં આવેલ છે કે, આ અધિનિયમના ઉદેશ વનોના સંરક્ષણ અને તેને સંબંધિત અથવા તેમા સહાયક અથવા તેને આનુસાંગીક બાબતો માટે પ્રાવધાન કરવાનો છે. સંસદ સમક્ષ બિલ (વર્ષ ૧૯૮૦ ની બિલ સંખ્યા ૨૦૧) પ્રસ્તુત કરતી વખતે આ બિલના ઉદ્દેશો અને કારણો નીચે પ્રમાણે વર્ણિત કરવામાં આવેલ.

**<u>ઉદ્દેશો અને કારણોનું વિવરણ</u>**

*વનોના કપાણના લીધે પારિસ્થિતિકિય અસમતુલા ઉદ્દભવે છે અને તેના લીધે પર્યાવરણનો બગાડ થાય છે. દેશમાં વનોના મોટા પાયે નિકંદન થવાને લીધે વ્યાપક પ્રમાણમાં ચિંતા ઉદ્દભવેલ છે.*

*૨. વનોનું વધારે કપાણ અટકાવવાના હેતુથી રાષ્ટ્રપતિશ્રી દ્વારા તારીખ ૨૫ મી ઓક્ટોબર, ૧૯૮૦ ના રોજ વન (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૦ નો વટ-હુકમ બહાર પાડવામાં આવેલ હતો. આ વટ-હુકમમાં આરક્ષિત વનોને બિન આરક્ષિત બનાવવા તેમજ જંગલની જમીનનો ઉપયોગ બિન જંગલ પ્રવૃત્તિ માટે ઉપયોગ કરવા માટે કેન્દ્ર સરકારની પૂર્વ પરવાનગીને ફરજીયાત બનાવવામાં આવેલ. આ વટ-હુકમ દ્વારા કેન્દ્ર સરકારને આ બાબતે આવી મંજૂરી આપવા માટે સલાહ આપવા બાબતે એક પરામર્શ સમિતિના ગઠન કરવાની જોગવાઇ પણ કરવામાં આવેલ.*

*૩. આ બિલ દ્વારા ઉપરોક્ત વટ-હુકમને પ્રતિસ્થાપિત કરવામાં આવે છે.*

૨. આ અધિનિયમમાં વર્ષ ૧૯૮૮ માં સુધારાઓ કરવામાં આવેલ હતા. વર્ષ ૧૯૮૮ માં કરવામાં આવેલ સુધારા મુજબના અધિનિયમ **પરિશિષ્ટમાં** આપવામાં આવેલ છે.

૩. તારીખ ૧૨.૧૨.૧૯૯૬ સુધી સામાન્ય રીતે રાજ્ય સરકારો, કેન્દ્ર શાસિત પ્રદેશોના વહીવટ અને કેન્દ્ર સરકાર દ્વારા આ અધિનિયમના પ્રાવધાનોનો ઉપયોગ ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭ અથવા અન્ય સ્થાનિક કાયદાઓ દ્વારા જાહેર કરવામાં આવેલ અને વન વિભાગના નિયંત્રણ હેઠળના વનો માટે કરવામાં આવેલ. તા.૧૨.૧૨.૧૯૯૬ ના રોજ નામદાર સુપ્રિમ કોર્ટની રિટ-પિટીશન નં. ૨૦૨/૧૯૯૫, ટી.એન.ગોદાવર્મન થિરૂમલપાદ વિરૂદ્ધ ભારત સરકાર અને અન્યના કેસમાં પારિત નિર્ણયમાં આ અધિનિયમના ઉપયોગ બાબતે સ્પષ્ટતાઓ કરવામાં આવેલ અને આ અધિનિયમના પ્રાવધાન નીચે મુજબના વિસ્તારો ઉપર લાગુ થયેલ :

ક. તમામ વિસ્તાર કે જે, માલીકી, માન્યતા અથવા વર્ગીકરણ ઉપરાંત કોઇ પણ સરકારી રેકર્ડમાં 'વન' તરીકે ઉલ્લેખિત કરવામાં આવેલ છે. કોઇ પણ કાયદામાં 'વન' તરીકે જાહેર કરવામાં આવેલ વિસ્તારોનો એમાં સમાવેશ થાય છે.

ખ. એવા તમામ વિસ્તાર, ઉપરોક્ત પેરા (ક) માં સમાવેશ થયેલ વિસ્તાર સિવાય, જે શબ્દકોષમાં (Dictionary meaning) 'વન' અર્થને અનુરૂપ પરિભાષિત કરી શકાય.

ગ. એવા તમામ વિસ્તાર જે નામદાર સુપ્રિમ કોર્ટના તા.૧૨.૧૨.૧૯૯૬ ના આદેશથી બનાવવામાં આવેલ તજજ્ઞ સમિતિ દ્વારા 'વન' તરીકે ઓળખવામાં આવેલ અને વર્ષ ૧૯૯૭ માં તદાનુસાર નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ સોગંદનામામાં સમાવેશ કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારો દ્વારા પણ સંબંધિત રાજ્યમાં તજજ્ઞ સમિતિ દ્વારા ખોળખવામાં આવેલ 'વનો' અને શબ્દકોષ મુજબ 'વન' તરીકે ઓળખી શકાય તેવા વિસ્તારો માટે આ અધિનિયમને લાગુ કરવાનું શરૂ કરવામાં આવેલ છે. ઉપરોક્ત નામદાર સુપ્રિમ કોર્ટના હુકમના અર્થઘટન દ્વારા આ અધિનિયમનો ઉપયોગ બિન જંગલ વિસ્તારમાં કરવામાં આવેલ વાવેતરો (વૃક્ષારોપણ) ઉપર પણ લાગુ પડે છે તે રીતે પણ કરવામાં આવેલ.

૪. અધિનિયમના પ્રાવધાનો મુજબ રાજ્ય સરકારો અથવા કેન્દ્ર શાસિત પ્રદેશોના વહીવટ દ્વારા વનભૂમિના ડાયવર્ઝન, આરક્ષિત વિસ્તારને અનારક્ષિત જાહેર કરવા અથવા લીઝ ઉપર આપતા પહેલાં કેન્દ્ર સરકારની પૂર્વ પરવાનગી ફરજીયાત છે.

**ખ. પરામર્શ માટેના મુદ્દાઓ**

૧. આજના સંદર્ભમાં, તમામ સરકારી જંગલની જમીન (અધિસૂચિત કરવામાં આવેલ હોય કે ના હોય) અને કોઇ પણ સરકારી રેકર્ડમાં વન તરીકે નોંધવામાં આવેલ હોય, તે તમામ વિસ્તારને આ અધિનિયમ અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. તે સિવાય માલીકી અને વર્ગીકરણને ધ્યાને લીધા વિના જે વિસ્તારો વનસ્પતિના આધારે, જે સ્થાનિક રીતે નક્કી કરવામાં આવેલ ધોરણો (Criteria) મુજબ વન તરીકે ઓળખી શકાય, તેના ઉપર પણ આ અધિનિયમના પ્રાવધાન લાગુ પડે છે. આવી જમીનની ઓળખ અમુક હદ સુધી મનસ્વી (Arbitrary) અને વ્યક્તિપરક (Subjective) છે. જેના લીધે સ્થિતિ અસ્પષ્ટ (Ambiguous) રહે છે. અને ખાસ કરીને વ્યક્તિગત રીતે તેમજ સંસ્થાઓ દ્વારા આ બાબતે રોશ અને પ્રતિકારની લાગણી વ્યક્ત કરવામાં આવે છે. કોઇ પણ ખાનગી (Private) વિસ્તારને વન તરીકે ઓળખવાના લીધે કોઇ પણ વ્યક્તિ/ સંસ્થા દ્વારા તેઓના આ વિસ્તારમાં બિન જંગલ પ્રવૃત્તિ કરવાના અધિકાર સીમિત થઇ જાય છે. અમુક વખતે સરકાર દ્વારા આ જમીનના અન્ય ઉપયોગ માટે સંમતિ પણ આપવામાં આવતી નથી અને જો આવી પરવાનગી આપવામાં આવે છે તો પણ આ જમીનનો બિન જંગલ પ્રવૃત્તિ માટેના ઉપયોગ માટે જમીનના માલિક દ્વારા તેટલી જ બિન-જંગલ જમીન અને વળતર માટેની જરૂરી રકમ ચુકવવાની થાય છે. એના પરિણામ સ્વરૂપ ખાનગી માલીકની જમીનો ઉપર વૃક્ષારોપણની શક્યતાઓ હોવા છતાં વૃક્ષારોપણ નહિ કરવાની પ્રવૃત્તિ જોવા મળે

છે. એટલા માટે આ અધિનિયમને લાગુ પાડવા બાબતે કાર્યક્ષેત્ર (Scope) પરિભાષિત કરવાનું ખૂબ જ જરૂરી હોય, તેમ જણાય છે.

૨. રેલ્વે મંત્રાલય, માર્ગ, પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય વિગેરે દ્વારા રેલ્વે, રાજમાર્ગ વિગેરેના રસ્તાનો અધિકાર (રાઇટ ઓફ વે) ઉપર આ અધિનિયમના અર્થઘટન અને લાગુ પાડવા બાબતે ભારે રોષ વ્યક્ત કરવામાં આવે છે. મોટાભાગના કિસ્સાઓમાં દાવા કરવામાં આવે છે કે આવી વિકાસલક્ષી સંસ્થાઓ દ્વારા 'રાઇટ ઓફ વે' ની જમીનોનું તેઓ દ્વારા વર્ષ ૧૯૮૦ પહેલાં રેલ્વે/રોડ નેટવર્કના વિસ્તારના ચોક્કસ હેતુ માટે કાયદેસર રીતે સંપાદન કરવામાં આવેલ છે. આ જમીનના અમુક ભાગનો ઉપયોગ 1980 પહેલા સંપાદિત કરાયેલ હેતુ માટે કરવામાં આવ્યો હતો અને સંપાદિત જમીનનો બાકીનો ભાગ ભવિષ્યના બાંધકામો/વિસ્તરણ માટે છોડી દેવામાં આવ્યો હતો. સને ૧૯૮૦ પહેલાં બાકી રહેલી જમીનને વૃક્ષો અથવા જંગલ માટે છોડવામાં આવેલ અને ખાલી રહેલ વિસ્તારોમાં વિવિધ સરકારી યોજનાઓ હેઠળ વૃક્ષારોપણ કરવામાં આવેલ. અમુક કિસ્સામાં સંપાદિત કરવામાં આવેલ જમીન પર આવા વાવેતરોનું રક્ષણ સુનિશ્ચિત કરવા માટે, આ વિસ્તારોને રક્ષિત જંગલ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. આ કાયદાના અમલીકરણ અને માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા તેને લાગુ પાડવા અંગે વધુ સ્પષ્ટતા મુજબ આવી તમામ જમીનને બિન-જંગલની પ્રવૃત્તિના ઉપયોગ માટે ભારત સરકારની પૂર્વ મંજૂરીની જરૂર છે. આમ, જમીનધારક એજન્સી (રેલ્વે, એન.એચ.એ.આઇ., પી.ડબલ્યુ.ડી., વગેરે એ કાયદા હેઠળ મંજુરી લેવી જરૂરી છે. તેમજ ચોખ્ખી વર્તમાન કિંમત (N.P.V.), વળતર વનીકરણ (CA) વગેરે જેવા નિયત વળતર ચૂકવણીની જરૂર છે. મંત્રાલય હવે ૨૫.૧૦.૧૯૮૦ પહેલા સંપાદિત  કરવામાં આવેલ આવી જમીનોને જે મૂળ બિન જંગલ હેતુઓ માટે સંપદિત કરવામાં આવેલ હતી તેને અધિનિયમના દાયરામાંથી મુક્તિ આપવા વિચારણા કરી રહ્યું છે

3. (i) એ પણ હકીકત છે કે ભારત મોટા ભાગે ઉષ્ણકટિબંધીય દેશ હોવાને કારણે, વનસ્પતિની સ્વયંભૂ જંગલી વૃદ્ધિ માટે જમીનની કુદરતી વૃત્તિ છે, જે તેના પોતાના પર છોડવામાં આવે તો તે સમયગાળા દરમિયાન વનસ્પતિ જેવા જંગલોનો વિકાસ થઇ જાય છે અને આવી બિનઉપયોગી જમીનોને ડિક્શનરીના અર્થ મુજબ ડીમ્ડ ફોરેસ્ટની શ્રેણી હેઠળ ગણવાનું રહે છે. આવી જમીનો ઉપરોક્ત અધિનિયમની જોગવાઈઓને આકર્ષિત કરતી રહેશે. તેથી, સામાન્ય રીતે લોકો તેમની જમીન પર વધતા વનસ્પતિ જેવા કોઈપણ વૃક્ષને અટકાવવાનું વલણ ધરાવે છે.

(ii) રાષ્ટ્રીય વન નીતિ, 1988 માં નિર્ધારિત લક્ષ્યને જાળવી રાખવા જંગલ અને વૃક્ષના આવરણ હેઠળ દેશના એક તૃતીયાંશ વિસ્તારને પ્રાપ્ત કરી શકાય તે માટે વૃક્ષારોપણની અપેક્ષિત પ્રગતિ સંતોષકારક નથી. હાલમાં દેશના જંગલ અને વૃક્ષોનું આવરણ ભૌગોલિક વિસ્તારના આશરે 24.56% છે અને જંગલ આવરણ વધારવા માટે વ્યવહારૂ મર્યાદાઓ રહેલી છે. તેથી ઇકોલોજીકલ, આર્થિક અને પર્યાવરણીય લાભો માટે ખાનગી માલિકી હેઠળની જમીન સહિતની વધુમાં વધુ જંગલ જમીનને વૃક્ષના આવરણ હેઠળ લાવવી જરૂરી છે.

(iii) રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત યોગદાન (NDC) લક્ષ્યાંકોને ધ્યાને રાખી 2030 સુધીમાં વધારાના 2.5 થી 3.0 અબજ ટન કાર્બન ડાયોક્સાઇડ ($CO_2$) સમકક્ષ કાર્બન સિંક બનાવવા અને આશરે રૂ. 45 હજાર કરોડની દેશ માટે લાકડા અને વુડ ડેરિવેટિવ્ઝની આયાત માટે વિદેશી હૂંડિયામણના પ્રવાહને ઘટાડવા માટે જરૂરી છે કે સરકારી જંગલોની બહાર ઉપલબ્ધ તમામ શક્ય ઉપલબ્ધ જમીનોમાં વ્યાપક વાવેતર અને વનીકરણને પ્રોત્સાહન આપવામાં આવે. પરંતુ આને સુનિશ્ચિત કરવા માટે, વૃક્ષ ઉગાડનારાઓમાં આશંકા દૂર કરવાની જરૂર છે કે તેમની ખાનગી/ બિન જંગલ જમીન પર ઉગાડવામાં આવતી વનસ્પતિ અથવા વૃક્ષારોપણ અધિનિયમની જોગવાઈઓથી પ્રભાવિત થશે નહિં.

4. ભારતમાં જંગલોના વિવિધ જમીન રેકોર્ડ છે. ઘણી વખત એક જ જમીનની મહેસુલી રેકર્ડ અને વન રેકર્ડમાં પણ વિરોધાભાસી એન્ટ્રીઓ હોય છે. આનાથી ખોટા અર્થઘટન અને કોર્ટ કેસનો અવકાશ ઉભો થાય છે. તેથી, આ શરતોમાં પણ અધિનિયમની જોગવાઇઓ તેમને લાગુ પડવાની બાબતમાં પણ સ્પષ્ટતા જરૂરી છે. મહેસૂલી રેકોર્ડમાં કાયદેસર રીતે કબજેદાર અને જમીનના પ્રકાર, જંગલની જમીન સહિત ઉલ્લેખ કરવો પડે છે. આ બાબતે ભારપૂર્વક અનુભવાય છે કે, વનીકરણ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે તા. 12.12.1996 પછી કોઈપણ બિન-જંગલ જમીન પર વાવેતર, વનીકરણ (કૃષિ વાનિકી અને વૃક્ષારોપણ) વગેરેના રેવન્યુ રેકોર્ડમાં આ બાબતની એન્ટ્રીઓને અધિનિયમના કાર્યક્ષેત્રની બહાર રાખવામાં આવે.

5. ઘણાં રસ્તાઓ અને રેલવે લાઇનની સાથે, પટ્ટી વાવેતરો વિકસાવવામાં આવ્યા છે અને જંગલો તરીકે જાહેર કરવામાં આવ્યા છે. ઘણાં વિસ્તારોમાં રોડ/રેલ ની બાજુની આવી જમીનોમાં સગવડ/વસવાટ વિકસાવવામાં આવેલ છે. આ સુવિધાઓ (ખાનગી અને સરકારી બંને) ને અવરજવર માટે રસ્તાની જરૂર છે (એપ્રોચ રોડ/રેલવે) અને તે હંમેશા રસ્તા/રેલ લાઇન સાથે સૂચિત વન વિસ્તારની પટ્ટીમાંથી પસાર થાય છે. આ પ્રવૃત્તિ બિન-જંગલ હેતુ માટે ઉપયોગ હોવાથી, આ માટે કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી મેળવવાની જરૂર રહે છે. દરેક કિસ્સામાં આવી જંગલની જમીનની જરૂરિયાત આશરે 0.05 હે. રહે છે. મંત્રાલયનું માનવું છે કે, આવા દરેક કિસ્સા માટે 0.05 હે સુધીની મંજૂરી મેળવવાની મુક્તિ રહેવાસીઓ/વ્યવસાય માલિકોની મુશ્કેલીને દૂર કરવા માટે કરી શકાય.

6. કાયદાની વર્તમાન જોગવાઈઓ નિયમનકારી છે અને પ્રતિબંધક નથી અને અમુક વિશિષ્ટતા ધરાવતા વિસ્તારો અને ઉચ્ચ કક્ષાની સંકલીત લેન્કડ સ્કેપ મુલ્ય ધરાવતા ચોક્કસ વિસ્તારોમાં બિન-જંગલ પ્રવૃત્તિ માટેના ઉપયોગને પ્રતિબંધિત કરવા માટે કાયદામાં કોઈ જોગવાઈઓ નથી. તદુપરાંત, અધિનિયમ લાગુ થયા પછી, 40 થી વધુ વર્ષોના મધ્યવર્તી સમયગાળા દરમિયાન, પરિસ્થિતિકીય અને પર્યાવરણીય પદ્ધતિઓમાં નોંધપાત્ર ફેરફારો થયા છે. કુદરતી સંસાધનોના સંરક્ષણ, રક્ષણ અને વિકાસ માટેની નીતિઓ અને કાર્યક્રમોમાં સમગ્ર વિશ્વામાં બદલાતા પરિસ્થિતિકીય, સામાજિક અને આર્થિક વાતાવરણનો સામનો કરવા માટે પરિવર્તનલક્ષી ફેરફાર જોવા મળેલ છે. આવા ગતિશીલ ફેરફારોને ઉકેલવા માટે, મંત્રાલય ચોક્કસ સમયગાળા

માટે સમૃદ્ધ પરસ્થિતિકીય મૂલ્યો ધરાવતા પ્રાચીન જંગલોને જાળવી રાખવા માટે કાયદામાં સક્ષમ સક્રિય જોગવાઈ લાવવાનું વિચારી રહ્યું છે.

7. આંતરરાષ્ટ્રીય સરહદી વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓનો વિકાસ આપણી સરહદોને અકબંધ રાખવા અને દેશની સાર્વભૌમત્વને જાળવી રાખવા માટે અતિ મહત્વનું છે. જંગલની જમીનના બિન-વનીકરણ ઉપયોગ માટે મંજૂરી મેળવવાની હાલની સ્થિતિને જોતાં, ઘણી વખત, રાષ્ટ્રીય મહત્વના વ્યૂહાત્મક અને સુરક્ષા સંબંધી પ્રોજેક્ટ્સ વિલંબિત થાય છે, જેના કારણે અતિ મહત્વના સ્થળોએ આવા માળખાના વિકાસની પ્રગતિમાં વિધ્ન ઉભો થાય છે. શું, આવા પ્રોજેક્ટ્સને કાયદાની જોગવાઈ હેઠળ કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી મેળવવાથી મુક્તિ આપવી જોઈએ અને રાજ્યોને આવા વ્યૂહાત્મક અને સુરક્ષા પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે જંગલ જમીનનો બિન-વન ઉપયોગ કરવાની મંજૂરી આપવી જોઈએ કે જે નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવાની જરુરીયાત રહે છે.

8. વધુમાં જોવા મળેલ છે કે માઇનિંગ લીઝના કિસ્સામાં, અધિનિયમની પેટા-કલમ 2 (ii) અને 2 (iii) એકસાથે ઉપયોગ થવાની ઘણી બાબતોમાં મૂંઝવણ ઉભી થાય છે. પેટા-કલમ 2 (iii) લીઝ સોંપવાની જોગવાઈ કરે છે, જ્યારે પેટા-કલમ 2 (ii) બિન-જંગલ હેતુ માટે જંગલની જમીનનો ઉપયોગ કરવાની જોગવાઈ કરે છે. પેટા-કલમ 2 (iii) હેઠળ પરવાનગી માટેની હાલની જોગવાઈ મુજબ, જંગલની જમીનની માત્ર ચોખ્ખી વર્તમાન કિંમત ચૂકવવાપાત્ર છે. વધુમાં આવી પરવાનગીને આપવાની પ્રક્રિયામાં વ્યાપાક મુલ્યાંકન માટે ઓછો અવકાશ રહે છે. જ્યારે પેટા-કલમ 2 (ii) હેઠળ પરવાનગી માટે, ડિસીઝન સપોર્ટ સિસ્ટમ(DSS)નો ઉપયોગ કરીને અને નિયમો/માર્ગદર્શિકામાં સૂચવેલી વિવિધ પદ્ધતિઓ અને કેટલાક કોર્ટના આદેશોને અનુસરીને દરખાસ્તની વિગતવાર ચકાસણી કરવામાં આવે છે. જંગલોની ચોખ્ખી વર્તમાન કિંમત ઉપરાંત, અન્ય વળતર વસૂલાત જેવી કે વળતર વનીકરણ (CA) માટેના નાણાં, વળતર વનીકરણ માટે જમીન, સલામતી ઝોન વાવેતર, વગેરે ચૂકવવાપાત્ર છે. આમ, માઇનિંગ લીઝહોલ્ડર પેટા-કલમ 2 (iii) હેઠળ માત્ર ચોખ્ખી વર્તમાન કિંમતના નાણાં ચૂકવીને જંગલની જમીનના મોટો વિસ્તારની પરવાનગી મેળવી શકે છે. તે પણ સ્પષ્ટ નથી કે પેટા-કલમ 2 (iii) હેઠળ આવી પરવાનગીને 'વન મંજૂરી' તરીકે ગણવામાં આવશે કે કેમ, અને આવા કિસ્સાઓમાં પેટા કલમ (iii) હેઠળ મંજૂરી મેળવવામાં આવેલ છે, પરંતુ પેટા કમલ (ii) અંતર્ગત દરખાસ્ત પણ કરવામાં આવેલ નથી, તેવી સ્થિતિને ટાળવા પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ નામદાર સુપ્રિમ કોર્ટના નિર્ણય મુજબ પર્યાવરણ મંજૂરી માન્ય રહેશે. મૂળરૂપે, પેટા-કલમ 2 (iii) નો હેતુ વાવેતર (જ્યાં જમીન તોડવી અથવા સાફ કરવી એ હેતુ નથી) સંબંધિત લીઝ પર લાગુ થવાનો હતો અને અન્ય લીઝ જેમ કે માઇનિંગ લીઝ પર નહીં, જેનો હેતુ જંગલની જમીનને તોડવા/સાફ કરવાનો છે. પરંતુ પાછળથી, પેટા-કલમ 2 (iii)ખાણકામ અને અન્ય પ્રકારની લીઝ પર પણ લાગુ કરવાનું શરૂ કરવામાં આવેલ છે. તેથી, અધિનિયમની પેટા-કલમ 2 (iii) ને કાઢી નાંખવાનો પ્રસ્તાવ છે અને સ્પષ્ટ કરવાનું કે બિન-જંગલ હેતુ માટે ઉપયોગ કરવાના હેતુ સાથે કોઈપણ પ્રકારની લીઝ સોંપણી માટે ઉપ-કલમ 2 (ii) ને લાગુ પાડી શકાય.

9. નવી ટેકનોલોજી આવી રહી છે જેમ કે એક્સ્ટેન્ડેડ રીચ ડ્રિલિંગ (ERD), જે જંગલની જમીનની અંદર ખુબ ઉંડાઈ સુધી તેલ અને પ્રાકૃતિક ગેસની શોધખોળ અથવા નિષ્કર્ષણને સક્ષમ કરે છે તેમજ જંગલ વિસ્તારોની બહારથી ડ્રિલિંગ છિદ્રો બનાવી જંગલની જમીન અથવા ભૂગર્ભ જળાશયો, કે જે જંગલની જમીનમાં વનોના આધાર છે તેના પર અસર કર્યા વિના કાર્ય કરે છે. મંત્રાલયનું માનવું છે કે, આવી તકનીકનો ઉપયોગ પર્યાવરણને અનુકૂળ છે અને તેને અધિનિયમના કાર્યક્ષેત્રની બહાર રાખવો જોઈએ.

10. ખાનગી વ્યક્તિઓની ફરિયાદો હળવી કરવા માટે, જેમની જમીન સંબંધિત રાજ્યના ખાનગી વન અધિનિયમમાં આવે છે અને 12.12.1996 ના સુપ્રીમ કોર્ટના આદેશની દ્રષ્ટિએ જંગલના અર્થના શબ્દકોષના દાયરામાં આવે છે અને તે મુજબ જ્યાં અત્યારે વન (સંરક્ષણ) અધિનિયમ લાગુ પડે છે, આવા માલિકો માટે 250 ચોરસ મીટરની મર્યાદામાં રહેણાંક એકમ અને રક્ષણ માટેની સુવિધાઓ સહિતના માળખાના બાંધકામ માટે એક વખતની છૂટ તરીકે મંજૂરી આપવાનો પ્રસ્તાવ છે.

11. અધિનિયમની કલમ-2 માં 'બિન-જંગલ ઉપયોગ' માટે સમજૂતીની કલમ, એવી પ્રવૃત્તિઓને ઓળખે છે કે જેને બિન-જંગલ પ્રવૃત્તિ તરીકે ગણવામાં આવે છે અને જે તે કલમના હેતુ માટે નથી. સમજી શકાય છે કે જે પ્રવૃત્તિઓ જંગલો અને વન્યજીવોના સંરક્ષણ માટે આનુષંગિક છે તેને બિન વનીકરણ પ્રવૃત્તિઓ તરીકે ન ગણવી જોઈએ. તદનુસાર, એવી દરખાસ્ત કરવામાં આવી છે કે, પ્રાણી સંગ્રહાલય, સફારી, ફોરેસ્ટ ટ્રેનિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વગેરેની સ્થાપના એક્ટની કલમ 2 (ii) ના હેતુ માટે "બિન-જંગલ પ્રવૃત્તિ" ના અર્થમાં આવવી જોઈએ નહીં.

12. વળતર વસૂલાત લાદવી ફરજિયાત છે જેથી બિન-જંગલ હેતુઓ માટે વાપરવા માટે જમીન મંજૂર થયા બાદ યોગ્ય સમયે જંગલની જમીન અને તેના દ્વારા પૂરી પાડવામાં આવતી ઇકોસિસ્ટમ સેવાઓની પૂર્તતા થઇ શકે એવુ જણાય છે કે, કોઈપણ હેતુ જેમ કે લીઝના નવીનીકરણ સમયે સમાન હેતુ માટે બે વાર વળતરની વસુલાત તર્કસંગત નથી.

13. કાયદામાં સ્પષ્ટ દંડની જોગવાઈઓ હોવા છતાં, કાયદાની જોગવાઈના ઉલ્લંઘનના કિસ્સાઓ બન્યા છે. મંત્રાલયનું માનવું છે કે કાયદા હેઠળના ગુનાઓને હતોત્સાહિત કરવા માટે સજાને વધુ કડક બનાવવી જોઇએ. આ સંદર્ભમાં, કલમ 2 હેઠળના ગુનાઓને હવે એક વર્ષ સુધીની સાદી કેદની સજા સાથે સજાપાત્ર બનાવવાનો પ્રસ્તાવ છે અને ગુનો કોગ્નિઝેબલ અને બિનજામીનપાત્ર હશે. પહેલેથી જ થયેલા નુકસાનની પૂર્તિ માટે કલમ 3A હેઠળ સજા ઉપરાંત દંડનીય વળતર માટેની જોગવાઈઓ રજૂ કરવાની દરખાસ્ત પણ કરવામાં આવી છે. ઉપરાંત, એવી દરખાસ્ત કરવામાં આવી છે કે જો રાજ્ય સરકાર અથવા કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટીતંત્રની કોઈપણ સત્તા અધિનિયમ હેઠળના ગુનામાં સંડોવાયેલી હોય, તો દંડ ભરપાઈ તરીકે પ્રાપ્ત થનારી રકમ રાજ્ય કેમ્પાને બદલે રાષ્ટ્રીય કેમ્પામાં જમા કરવામાં આવશે.

14. સર્વે અને શોધ-તપાસ પ્રવૃત્તિઓ જંગલ જમીન પર વાસ્તવિક બિન-જંગલ પ્રવૃત્તિને ધ્યાનમાં લેવાની અથવા પ્રસ્તાવિત કરવાની પ્રક્રિયા પહેલાની પ્રક્રિયાઓ છે. આવી ઘણી પ્રવૃત્તિઓમાં જંગલની જમીનનો ઉપયોગ ખૂબ જ ટૂંકા સમય માટે કરવામાં આવે છે અને જંગલની જમીન અથવા તેના પરની જૈવ-વિવિધતા ઉપર કોઈ સ્પષ્ટ અસર થતી નથી. પરંતુ આવી પ્રવૃત્તિઓને બિન-જંગલ પ્રવૃત્તિ માનવામાં આવે છે, તેથી ઔપચારિક પ્રક્રિયાને અનુસરીને કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી માંગવામાં આવે છે, જે હકીકતમાં ઘણો સમય લે છે. આને સંબોધવા માટે, ખાસ કરીને આવી પ્રવૃત્તિઓમાં જ્યાં પ્રત્યક્ષ અસર થતી નથી ત્યાં આ અધિનિયમની જોગવાઈઓ લાગુ ન થવી જોઇએ.

***આ પરામર્શ પત્રના કોઇ પણ ભાગમાં ગુજરાતી અને અંગ્રેજી સંસ્કરણમાં આપવામાં આવેલ વ્યાખ્યામાં કોઇ તફાવત હોય તો તે અંગ્રેજી સંસ્કરણમાં આપવામાં આવેલ મૂળ વ્યાખ્યા મુજબ માન્ય રહેશે.***

**પરિશિષ્ટ**

**વન (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૦**
**(1988 માં કરવામાં આવેલા સુધારાઓ સાથે)**

જંગલોના સંરક્ષણ માટે અને તેની સાથે જોડાયેલી બાબતો અથવા આનુષંગિક અથવા આકસ્મિક બાબતો માટેનો કાયદો.

ભારતના ગણતંત્રના એકત્રીસમાં વર્ષ નીચે જણાવ્યા પ્રમાણે ઘડવામાં આવેલ.

**1. લઘુ શીર્ષક, હદ અને પ્રારંભ-**

(1) આ અધિનિયમ વન (સંરક્ષણ) અધિનિયમ, 1980 કહી શકાય.
(2) તે જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાય સમગ્ર ભારતમાં લાગુ પડશે.
(3) તે 25 મી ઓક્ટોબર 1980 ના દિવસે અમલમાં આવ્યો હોવાનું માનવામાં આવશે.

**2. જંગલોને આરક્ષિત સૂચીથી બાકાત કરવા અથવા બિન-જંગલ હેતુ માટે જંગલ જમીનનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ**

કોઇ પણ રાજ્યમાં અત્યારે અમલમાં છે તે માટે અન્ય કોઇ કાયદામાં કંઇપણ હોવા છતાં, કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી સિવાય, કોઇપણ નિર્દેશ આપતો આદેશ રાજ્ય સરકાર અથવા અન્ય સત્તા બહાર પાડશે નહીં –

i. કે કોઈપણ અનામત જંગલ (તે રાજ્યમાં અત્યારે અમલમાં છે તે કોઈપણ કાયદામાં "અનામત જંગલ"ની અભિવ્યક્તિના અર્થમાં) અથવા તેનો કોઈપણ ભાગ, અનામત રહેવાનું બંધ કરી દેશે;
ii. કે કોઈપણ જંગલ જમીન અથવા તેના કોઈપણ ભાગનો ઉપયોગ બિન-જંગલ હેતુ માટે થઈ શકે;
iii. કે કોઇપણ જંગલ જમીન અથવા તેનો કોઇ ભાગ ભાડાપટ્ટે અથવા અન્ય કોઇ રીતે ખાનગી વ્યક્તિને અથવા કોઇપણ સત્તાધિકારી, કોર્પોરેશન, એજન્સી અથવા સરકાર દ્વારા માલિકી, સંચાલન અથવા નિયંત્રિત ન હોય તેવી કોઇ અન્ય સંસ્થાને સોંપવામાં આવી શકે છે;
iv. કે કોઈપણ જંગલ જમીન અથવા તેના ભાગને વૃક્ષોમાંથી, જે તે જમીન અથવા ભાગમાં કુદરતી રીતે ઉછેરેલ છે, તેનો પુન:વનીકરણ માટે ઉપયોગ કરવાના હેતુથી સાફ કરી શકાય છે.

સમજૂતી- આ વિભાગના હેતુ માટે, "બિન-જંગલ હેતુ" નો અર્થ થાય છે કે કોઈપણ જંગલ જમીન અથવા તેના ભાગને તોડી નાખવું અથવા વૃક્ષો કાપીને સાફ કરવું-

ક. ચા, કોફી, મસાલા, રબર, તાડ, તેલ ઉત્પાદક છોડ, બાગાયતી પાકો અથવા ઔષધીય છોડની ખેતી;
ખ. પુન:વનીકરણ સિવાયનો કોઈપણ હેતુ;

પરંતુ જંગલો અને વન્યજીવોના સંરક્ષણ, વિકાસ અને સંચાલન સાથે સંબંધિત અથવા આનુષંગિક બાબતો એટલે કે ચેકપોસ્ટની સ્થાપના, ફાયર લાઈન, વાયરલેસ કમ્યુનિકેશન અને ફેન્સીંગ, પુલ અને કલ્વર્ટ્સ, ડેમ, વોટરહોલ, ટ્રેન્ચ માર્ક, હદબાણ, પાઇપલાઇન અથવા અન્ય સરખા હેતુઓ.

**3. સલાહકાર સમિતિની રચના –**

કેન્દ્ર સરકાર યોગ્ય લાગે તેટલા સભ્યોનો સમાવેશ કરી નીચે મુજબના વિષયો બાબતે સરકારને સલાહ આપવા માટે એક સમિતિની રચના કરી શકે છે.

i. કલમ- 2 હેઠળ મંજૂરીની અને
ii. જંગલોના સંરક્ષણ સાથે જોડાયેલ અન્ય કોઈ બાબત કે જેને કેન્દ્ર સરકાર દ્વારા સંદર્ભિત કરી શકાય.

**3(ક) કાયદાની જોગવાઈઓના ઉલ્લંઘન માટે દંડ –**

જે કોઈ કલમ 2 ની કોઈપણ જોગવાઈઓના ઉલ્લંઘન કરે છે અથવા તેને ઉલ્લંઘન કરવા પ્રેરિત કરે છે, તે પંદર દિવસ સુધી લંબાઈ શકે તેવા સમયગાળા માટે સાદી કેદની સજાને પાત્ર છે.

**3(ખ) સત્તાવાળાઓ અને સરકારી વિભાગો દ્વારા ગુનાઓ –**

1) જ્યાં આ અધિનિયમ હેઠળ કોઈ ગુનો કરવામાં આવ્યો હોય –
   (ક) સરકારના કોઈપણ વિભાગ દ્વારા, વિભાગના વડા; અથવા
   (ખ) કોઈપણ સત્તાધિકારી દ્વારા, દરેક વ્યક્તિ, જે સમયે ગુનો કરવામાં આવ્યો હતો, તે સીધો જ પ્રભારી હતો, અને સત્તાધિકારી તેમજ સત્તાધિકારી સંસ્થાના વહીવટના સંચાલન માટે જવાબદાર હતો;

ગુના માટે દોષિત માનવામાં આવશે અને તેની સામે કાર્યવાહી અને તે મુજબ સજા કરવામાં આવશે.

જો કે આ પેટા-કલમમાં સમાવિષ્ટ કંઈપણ વિભાગના વડાને અથવા કલમ (ખ) માં ઉલ્લેખિત કોઈપણ વ્યક્તિને, જો તે સાબિત કરે કે ગુનો તેની જાણ વગર કરવામાં આવ્યો છે અથવા તેણે ગુના ના બને તે માટે તમામ યોગ્ય ખંતનો ઉપયોગ કર્યો છે તો તે કોઈપણ સજા માટે જવાબદાર રહેશે નહીં.

2) પેટા-કલમ (1) માં સમાવિષ્ટ કંઈપણ હોવા છતાં, જ્યાં કાયદા હેઠળ શિક્ષાપાત્ર ગુનો સરકારના વિભાગ અથવા પેટા-કલમ (1) ની કલમ (ખ) માં ઉલ્લેખિત કોઈપણ અધિકારી દ્વારા કરવામાં આવ્યો છે અને તે સાબિત થયું છે કે આ ગુનો વિભાગના વડા સિવાય અન્ય કોઈ અધિકારીની સંમતિ અથવા સહયોગથી કરવામાં આવ્યો છે, અથવા કોઈપણ અધિકારીની ઉપેક્ષાને લીધે થયેલ છે, અથવા સત્તાના કિસ્સામાં, પેટા-કલમ (1) ની કલમ (ખ) માં ઉલ્લેખિત વ્યક્તિઓ સિવાય અન્ય કોઈ વ્યક્તિ, આવા અધિકારી અથવા વ્યક્તિઓ પણ તે ગુના માટે દોષિત ગણવામાં આવશે અને તેની સામે કાર્યવાહી કરવામાં આવશે અને તે મુજબ સજા કરવામાં આવશે.

**4. નિયમો બનાવવાની સત્તા-**

(1) કેન્દ્ર સરકાર, સત્તાવાર ગેઝેટમાં અધિસૂચના દ્વારા, આ કાયદાની જોગવાઈઓને અમલમાં મૂકવા માટે નિયમો બનાવી શકે છે.

(2) આ અધિનિયમ હેઠળ બનાવવમાં આવેલ દરેક નિયમ, બનાવ્યા પછી તરત જ સંસદ સત્રમાં હોય તો સંસદના દરેક સદન સમક્ષ, કુલ ત્રીસ દિવસની અવધિ માટે, જે એક સત્રમાં, બે સત્રોમ અથવા બે થી વધુ ઉત્તરોત્તર સત્રોમાં પુર્ણ થઇ શકે, પ્રસ્તુત કરવામાં આવશે. ઉપર જણાવ્યા પ્રમાણેના સત્ર અથવા ઉત્તરોત્તર સત્રો પછી તરત જ સત્ર સમાપન પહેલાં બંને સદન આ નિયમમાં કોઇ પણ સુધારો લાવવા સંમત થાય અથવા બંને સદન આ બાબત ઉપર સંમત થાય કે આ નિયમ ન બનાવવો જોઇએ, તદ્ ઉપરાંત આ નિયમ માત્ર એવા સુધારા પ્રમાણે જે પણ સ્થિતિ હોય, લાગુ થશે અથવા લાગુ પડશે નહિ. જેથી એવા સુધારા અથવા નિસ્તરીકરણથી આ નિયમ હેઠળ પહેલાં કરવામાં આવેલ કોઇ પણ કાર્યની વૈધતા ઉપર કોઇ અસર પડશે નહિ.

**5. નિરસન અને બચાવ –**

(1) વન (સંરક્ષણ) અધ્યાદેશ, ૧૯૮૦ ને આથી નિરસન કરવામાં આવ્યું છે.

(2) આવા નિરસન હોવા છતાં, ઉક્ત વટહુકમની જોગવાઈઓ હેઠળ કરવામાં આવેલ કંઈપણ અથવા કોઈપણ કાર્યવાહી આ કાયદાની સંબંધિત જોગવાઈઓ હેઠળ કરવામાં આવી છે અથવા લેવામાં આવી છે તેવું માનવામાં આવશે.

***